(ડી.ડી.ત્રિવેદી) આસીસ્ટન્ટ | (શ્રીમતી કે.આર.દવે) ઇ/ચા. રજીસ્ટ્રાર

એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ
જસદણ

માળના રહે
ખટાણા, ર
ઉપર
અસીલ ખ
મંડળી, સંસ
જાતનો વાંધે
પ્રસિધ્ધ થય
જો આ નિય
નહી તો અ
(WAIV
કરાવી લેશે
આવશે નહી
સ્થળ:

## આચાર્ય અને ડીન, બાગાયત મહાવિદ્યાલય
## જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ
## આંબાનાં ફાલના ઈજારાની જાહેરાત

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢની વિવિધ ફાર્મ પરના આંબાનાં ફળો ઉતારી લઈ જવાના ઈજારા માટેના ભાવો જે તે રસ ધરાવતી પાર્ટી પાસેથી સીલ્ડ ટેન્ડરોમાં મંગાવવામાં આવે છે. ટેન્ડરની વિગત નીચે મુજબ છે. તથા વધુ વિગતો ટેન્ડર ફોર્મમાં દર્શાવેલ છે.

૧) કોરા ટેન્ડર ફોર્મ જાહેરાત પ્રીસધ્ધ થયા પછી ઓફિસ સમય દરમ્યાન આપવામાં આવશે.
૨) ભરેલ ટેન્ડર ફોર્મ સીલબંધ કવરમાં ૧૫ દિવસમાં પોસ્ટ/કુરીયર દવારા ઉપર દર્શાવેલ સરનામે પહોંચાડવાના રહેશે.
૩) આંબાના ઝાડો જે તે ફાર્મ પર જઈ જોઈ શકાશે.
૪) કોરા ટેન્ડર ફોર્મ રૂ.૫૦૦ રોકડેથી ભરી મેળવી શકાશે. જે પરત મળવાપાત્ર રહેશે નહિ. વધુ વિગતો માટે www.jau.in માં જોવું.

માહિતી/જુના/જા.ખ./૧૧૯૧/૨૬ — કન્વીનરશ્રી

SANJ SAMACHAR, Rajkot. Date: 03/03/2026



આચાર્ય અને ડીન,
બાગાયત મહાવિદ્યાલય
જૂ.કૃ.યુ., જૂનાગઢ

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સ્થાનિક વિભાગ/કેન્દ્રમાં આવેલ આંબાના ઝાડ પરથી ફાલ ઉતારી લઈ જવાની હરરાજીના ટેન્ડરની વિગત

| | | | |
|---|---|---|---|
| ૧. | ટેન્ડરની વિગત | : | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢના સ્થાનિક વિભાગ/કેન્દ્રો પર આવેલ આંબાના ઝાડ પરથી ફાલ ઉતારી લઈ જવાના તથા બાગાયત મહાવિદ્યાલય હસ્તકનાં જૂદા–જૂદા ફાર્મમાંથી આંબાના ફાલ ઉતારી લઈ જવાના ઈજારા માટે ટેન્ડર મંગાવવા અંગે.... |
| ૨. | કોરા ટેન્ડર ફોર્મ લઈ જવાની તથા જે તે ફાર્મ/ કેન્દ્ર/ વિભાગમાં બગીચો જોવાની તારીખ અને સમય (રજાના દિવસો સીવાય) | : | **<u>૦૫/૦૩/૨૦૨૬ થી ૨૦/૦૩/૨૦૨૬</u> સુધી**<br>**૯ થી ૧૨ તથા ૩ થી ૫ ઓફિસ સમય દરમ્યાન** |
| ૩. | સીલ બંધ ટેન્ડર ફોર્મ રજી. પોસ્ટ એ.ડી. સ્પીડ પોસ્ટથી મોકલવાનું સરનામું. | : | આચાર્ય અને ડીન,<br>બાગાયત મહાવિદ્યાલય,<br>જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ–૩૬૨૦૦૧ |
| ૪. | સીલ બંધ કવર સ્વીકારવાની છેલ્લી તારીખ | : | **તા.૨૦/૦૩/૨૦૨૬ સમય : ૧૭.૦૦ કલાક સુધી** |
| ૫. | સીલ બંધ ટેન્ડર ફોર્મ કમીટી રૂબરૂ ખોલવાની તારીખ<br>સમય<br>સ્થળ | :<br>:<br>: | **તા.૨૩/૦૩/૨૦૨૬**<br>**સમયઃ ૧૦:૦૦ કલાકે**<br>**આચાર્ય અને ડીન,**<br>**બાગાયત મહાવિદ્યાલય,**<br>**જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ–૩૬૨૦૦૧** |
| ૬. | ટેન્ડર ફી | : | **રૂા. ૫૦૦/–** રોકડેથી ભરી નામ લખાવી ટેન્ડર મેળવવાનું રહેશે. જે નામથી ટેન્ડર લઈ ગયેલ હોય, તે જ પાર્ટીના નામનો ટેન્ડર ભરવાનો રહેશે. ટેન્ડર ફી પરત મળવા પાત્ર નથી. |
| ૭. | અર્નેસ્ટમની/ડીપોઝીટની રકમ | : | • **ટેન્ડર ભરનાર પાર્ટીએ ટેન્ડર ખોલવાની તારીખે રૂા.૧૦,૦૦૦/–** અર્નેસ્ટમની પેટે હરરાજીમાં ભાગ લેવા માટે ભરવાના રહેશે.<br>• અર્નેસ્ટમની ભરનાર પાર્ટીના જ ટેન્ડર ખોલવામાં આવશે.<br>• ઈજારાની પ્રક્રિયા પૂર્ણ થતા ઈજારામાં ભાગ લેવા ભરેલ રકમ સ્થળ પર તરત જ વગર વ્યાજે પરત કરવામાં અવશે. |

આચાર્ય અને ડીન,
બાગાયત મહાવિદ્યાલય
જૂ.કૃ.યુ., જૂનાગઢ

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ

## –:: આંબાના ઈજારાની તથા બાગાયત વિભાગના મોસમી ઈજારાની જાહેરાતની શરતો ::–

| ક્રમ | શરતો |
|---|---|
| ૧. | ઈજારાદારે ટેન્ડર ફોર્મ રૂા.૫૦૦/– થી ખરીદવાનું રહેશે. બાગાયતી પાકો માટેનું કેમ્પસ હસ્તકના લાગુ પડતા ફાર્મનું એક જ ટેન્ડર ફોર્મ ઈજારદારે ભરવાનું રહેશે. જે ફાર્મનો ઈજારો રાખવાનો થતો હોય, ટેન્ડર ફોર્મમાં દર્શાવેલ ઝાડ મુજબ તેની સામેના ખાનામાં ભાવ ભરવાના રહેશે. |
| ૨. | સંયુકત ભરેલ ભાવ અમાન્ય ગણાશે તથા કોઈ પણ માંગેલી અધુરી વિગતવાળા ટેન્ડર ફોર્મ રદ ગણાશે. ટેન્ડરમાં દર્શાવેલ ઝાડ મુજબ જે તે ફાર્મ/કેન્દ્ર પર રૂબરૂ જઈ તપાસીને જ ભાવ ભરવાના રહેશે. **ભાવ ખાનામાં આંકડામાં અને શબ્દોમાં સ્પષ્ટ રકમ લખવાની રહેશે** પાછળથી કોઈ તકરાર કે વાંધો માન્ય રહેશે નહી. ચેકચાક કરેલ ટેન્ડર ફોર્મ રદ ગણાશે. |
| ૩. | સંપૂર્ણ ભરેલ ટેન્ડર ફોર્મ સીલબંધ કવરમાં પેક કરી કવર પર **"આંબાના ઈજારાના ભાવ"** એમ સ્પષ્ટ લખવું તથા મોકલનારનું સરનામું ફરજિયાત પણે લખી રજી.પોસ્ટ/સ્પીડ પોસ્ટ/કુરિયર દ્વારા અત્રેની કચેરીને મોકલી આપવાનું રહેશે. રૂબરૂ ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ. અન્યથા ભાવ ખુલ્લી જશે તો ટેન્ડર રદ થઈ જશે આ અંગે કોઈ વાંધા માન્ય રાખવામાં આવશે નહી અને શરતો વાંચી તે મંજુર છે તે માટે સહી કરી, **તા. ૨૦/૦૩/૨૦૨૬ સુધીમાં માત્ર સેલોટેપ લગાડેલું સીલબંધ કવર જ** કચેરીમાં સ્વીકારવામાં આવશે. |
| ૪. | આવેલ ટેન્ડરો ખોલવા માટે **તા.૨૩/૦૩/૨૦૨૬** ના દિવસે દરેક પાર્ટીએ ૧૦.૦૦ કલાકે સમયસર હાજર રહેવાનું રહેશે. ટેન્ડર ખોલનાર કમિટી જરૂર જણાશે તો જે તે પાર્ટીઓ સાથે નેગોશીએશન કરી શકાશે. ટેન્ડર ખોલવાને દિવસે દરેક ઈજારાદારોએ ઈજારામાં ભાગ લેવા અર્નેસ્ટમની પેટે રૂપિયા ૧૦,૦૦૦/– જમા કરાવવાના રહેશે અને તેઓનું જ ટેન્ડર ખોલવામાં આવશે અન્યથા આવેલ ટેન્ડર રદ ગણવામાં આવશે. ટેન્ડર ખોલવાની પ્રક્રિયા પૂરી થયા પછી વગર વ્યાજે અર્નેસ્ટમની પરત કરવામાં આવશે. |
| ૫. | જે વિભાગ/કેન્દ્રનાં ઈજારદારના ભાવો મંજુર થાય તે ઈજારદરે ઈજારાની કુલ રકમના ૧૦% રકમ ડીપોઝીટ તે જ દિવસે અથવા દિવસ–૫ માં જે તે કચેરી/ફાર્મ/કેન્દ્ર ખાતે જમા કરવાની રહેશે. **ઈજારો રાખનાર ઈજારાદારે ઈજારાની પૂરી રકમ એક જ હપ્તે ભરવાની રહેશે**. જેનો ઈજારો મંજુર થાય તેને કુલ રકમ દિવસ–૧૫ માં જે તે વિભાગ/કેન્દ્ર ખાતે ભરવાની રહેશે. આપેલ મુદતમાં રકમ સમયસર ન ભરતા વિલંબીત ચાર્જ ૧૮% લેખે વસુલ કરવામાં આવશે. ઈજારાની કુલ રકમ ભરવા માટે વધુમાં વધુ એક માસની મુદત (વિલંબ સાથે) છતાં રકમ ન ભરતાં ઉપલી કચેરીને જાણ કરી, ઘટતાં પગલાં લેવામાં આવશે. |
| ૬. | ઈજારાની મુદત પરી થયેથી ડીપોઝીટની રકમ જે તે કેન્દ્ર/વિભાગ પરથી યુનિવર્સિટીના માલ મિલકતને કોઈ નુકસાન કરવામાં આવેલ નથી તેવું પ્રમાણપત્ર મેળવી જે તે કેન્દ્ર/વિભાગ પરથી ડીપોઝીટ વગર વ્યાજે પરત મેળવવાની રહેશે. |
| ૭. | માલ લઈ જવાનો સમય રવિવારના તેમજ જાહેરના રજાના દિવસો સિવાય સવારના ૮.૦૦ થી ૧૨.૦૦ અને બપોરના ૨.૦૦ થી સાંજના ૬.૦૦ સુધીનો રહેશે. |
| ૮. | ફાર્મની બાકીની કોઈ પણ ચીજ–વસ્તુઓ કે પાકોને નુકશાન થશે તો યુનિવર્સિટીના પ્રવર્તમાન ધારા ધોરણો મુજબ વસુલાત કરવામાં આવશે અને ડીપોઝીટ જપ્ત થશે. |
| ૯. | ઈજારો રાખનારા પાર્ટીએ માલ લેવા આવનાર વધુમાં વધુ ૫(પાંચ) ઈસમોના નામ અને સરનામા જે તે કચેરીમાં રજુ કરવાના રહેશે, તથા તે સિવાયના કોઈ પણ વ્યક્તિને ફાર્મ પર આવવાની પરવાનગી આપવામાં આવશે નહિ. |
| ૧૦. | ઈજારાદારની મુદત **૧૫ જૂલાઈ ૨૦૨૬** સુધીની જ રહેશે અને આ મુદત બાદ ફાર્મમાં દાખલ થવા દેવામાં આવશે નહિ. |
| ૧૧. | માંગણીદાર પાસે યુનિવર્સિટીનું કોઈ પણ લેણું હશે તો માંગણી કરવા દેવામાં આવશે નહિ. બ્લેકલીસ્ટમાં મુકેલ ઈજારદાર કોઈપણ ઈજારામાં ભાગ લઈ શકશે નહી. |
| ૧૨. | ઈજારાની મુદત દરમ્યાન કુદરતી આફત કે અન્ય કોઈ પ્રકારે કોઈપણ જાતનું નુકસાન થાય, તો તેની જવાબદારી જે તે કચેરીની રહેશે નહિ. |
| ૧૩. | **બાગમાં જરૂરિયાત મુજબ પાણી આપવાની જવાબદારી ઈજારાદારની પોતાની રહેશે. પાણી ફાર્મ પર ધોરીયા/ડ્રીપ/સ્પીંકલર પધ્ધતિ ફાર્મમાં જે વ્યવસ્થા હશે તે મુજબ આપવાની રહેશે.** આ પધ્ધતિમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહિ તેમજ ઈજારાદારનો પાછળથી કોઈ તકરાર કે વાંધો માન્ય રહેશે નહિ. |
| ૧૪. | ઈજારાદારના ભાવો માન્ય રાખવા કે નહિ તેની અબાધીત સતા કમિટીની રહેશે. તેમજ વિવાદી પ્રશ્નોમાં આખરી નિર્ણયની અબાધીત સત્તા કમિટીની જુક યુ, જૂનાગઢ રહેશે અને કાયદા કાનુની વિસ્તાર જૂનાગઢ જયુડીશીયલ રહેશે. |
| ૧૫. | **બાગમાં જરૂરિયાત મુજબ જંતુનાશક/ફુગનાશક દવાઓની જવાબદારી ઈજારાદારની રહેશે. અને તે અંગેની તમામ દવાઓ યુનિવર્સિટીના સંશોધન ભલામણ મુજબ ઈજારાદારે સ્વખર્ચે આપવાની રહેશે.** |
| ૧૬. | યુનિવર્સિટીના અધિકારી/કર્મચારી ભાવો ભરી શકશે નહિ. તેમજ ઈજારામાં ભાગીદારી રાખી શકશે નહિ. |
| ૧૭. | અખતરાના હેતુ માટે જે ઝાડમાંથી ફળો પસંદ કરવામાં આવે તે ફળો ઝાડ **દીઠ ૧ કિ.ગ્રા. વિનામુલ્યે** આપવાના રહેશે. |

પાછળ.....

| | |
|---|---|
| ૧૮. | ઈજારાદાર સદર ઈજારો પેટે કોન્ટ્રાકટમાં અન્યને આપશે તો તેમનો ઈજારો રદ કરી, તેઓની ઉપલી કચેરીને જાણ કરીને બ્લેક લીસ્ટમાં મુકવામાં આવશે. યુનિવર્સિટીની કોઈ પ્રકારની હરરાજીમાં આવા બ્લેક લીસ્ટવાળા ઈજારદારને ભાગ લેવા દેવામાં આવશે નહિ. |
| ૧૯. | પાણીની અછતની પરિસ્થિતમાં ફાર્મના ઉપલબ્ધ જથ્થામાંથી અખતરાના ઝાડને અગ્રીમતાના ધોરણે પિયત આપવામાં આવશે અને ત્યારબાદ પાણીનો વધારો રહેશે તે પ્રમાણે ઈજારાના ઝાડને પાણી આપવાની વ્યવસ્થા કરવામાં આવશે. આવા સંજોગોમાં ઈજારાદારે બાગાયતી પાકોમાં પિયત પોતાની રીતે આપવાની વ્યવસ્થા કરવાની રહેશે. |
| ૨૦. | ઈજારાદાર કે તેના માણસો ધ્વારા યુનિવર્સિટી અકસ્માતને નુકસાન થશે તો તેની ભરપાઈ ઈજારાદારે કરવાની રહેશે. |
| ૨૧ | યુનિવર્સિટીએ અગાઉ બ્લેકલીસ્ટેડ કરેલા ઈસમો સાથે ઈજારાદારે કોઈ પણ પ્રકારના સંબંધ ન રાખવો અને જો સંબંધ માલુમ પડશે તો, સદર ઈજારો રદ કરવામાં આવશે અને ઈજારાદારને બ્લેક લીસ્ટ મુકવામાં આવશે. |
| ૨૨. | ઈજારાદારે ટેન્ડર **ફોર્મ સાથે ફોટો અને ઓળખકાર્ડની નકલ, સરનામું, મોબાઈલ નંબર વગેરેની ઝેરોક્ષ નકલ જોડવા/આપવાની રહેશે** અને નહી જોડેલ હોય તો ઈજારાદારે ભરેલ ટેન્ડર રદ કરવામાં આવશે. તેમજ ઈજારાદારે જોડેલ આઈડેન્ટી પ્રુફની અસલ કોપી ભાવ ખોલે ત્યારે કમિટી સમક્ષ રજુ કરવાની રહેશે. |
| ૨૩. | ઈજારાદારનો સંપર્ક સાધવા માટે મોબાઈલ/ફોન નંબર/એડ્રેસ ફરજિયાત ટેન્ડરમાં બતાવવાનો રહેશે. અને ફોન ધ્વારા ઈજારાદારનો સંપર્ક નહી થાય અને ફોન નંબર બદલેલ હોય તો લેખીતમાં જાણ કરવાની રહેશે. અન્યથા કમીટી જે કાર્યવાહી કરે તે માન્ય રાખવાની રહેશે. |
| ૨૪. | જો જરૂર જણાય તો ઉપરની બધીજ શરતોમાં ફેરફાર કરવાનો/અન્ય શરતો રાખવાનો અબાધિત અધિકાર કમિટીનો રહેશે. |
| ૨૫. | ડીપોઝીટની રકમ પરત મેળવવા માટે સમય મર્યાદાને ધ્યાને ન લેતા યુનિવર્સિટી પાસેના ફંડ મુજબ પરત કરશે. જે તે ફાર્મ/કેન્દ્ર પાસેથી મેળવવાની રહેશે. |
| ૨૬. | ઈજારદારે તેમનું પત્રવ્યવહારનું પુરેપુરું સરનામું ટેન્ડરમાં આપેલ હશે તે જ સરનામે પત્રવ્યવહાર કરવામાં આવશે. વિવાદી પ્રશ્નોમાં તેમણે આપેલ સરનામે કરેલ પત્રવ્યવહાર તેમને માન્ય રાખવા પડશે. |
| ૨૭. | સરકારી કે નગરપાલિકા ધ્વારા લાગુ પડતા કોઈપણ પ્રકારના ટેક્ષ/ચાર્જીસ ભરવાના થાય, તે જે તે ઈજારદારે જ ભરવાના રહેશે. |
| ૨૮. | ઈજારાની રકમ સમયસર ભરવામાં નહી આવે તો ડીપોઝીટ જપ્ત થશે અને ઈજારદારને બ્લેક લીસ્ટમાં મુકવામાં આવશે. અને સદરહુ ઈજારો અન્યને આપવા ઘટતી કાર્યવાહી કરવામાં આવશે. |
| ૨૯. | ઈજારાની શરતોનાં અર્થઘટનમાં કોઈ વિવાદ ઉભો થાય તો કમીટી જે નિર્ણય લે તે માન્ય રાખવાનો રહેશે. |
| ૩૦. | **ટેન્ડર ભરનાર ઈજારદારે પોતાનું આધાર કાર્ડ બતાવ્યા બાદ જ પ્રવેશ આપવામાં આવશે. જેની ખાસ નોંધ લેવી.** |

કન્વીનર
આચાર્ય અને ડીન
બાગાયત મહાવિદ્યાલય
જૂકૃયુ, જૂનાગઢ